ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૫/૨૧–૨૨/ 2991 તારીખ : - 7 OCT 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૫/૨૧–૨૨

પ્રતિ,
**મે.કે.આર.સોલ્વન્ટ,**
**નેશનલ હાઈવે ૮–એ,**
**હોટલ રીવેરા નજીક,**
**મું.ઉટડી,**
**તા.લીંબડી,**
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં–૯૮૯૮૫ ૨૪૨૧૬.**

**વિષય : એકસેસ રીકવરી ઓફ ડિમાન્ડ ચાર્જ.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૯/૦૭/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૪/૦૮/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૨૧–૨૨/૨૩૩૨ તા.૦૬/૦૮/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૨૧–૨૨/૨૬૨૧ તા.૦૩/૦૯/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૬/૦૯/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૩૫/૨૧–૨૨</u> ☜

વાદી :– **મે.કે.આર.સોલ્વન્ટ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૧૬/૦૯/૨૦૨૧</u>** ◈

હાજર રહયા :– **મે.કે.આર.સોલ્વન્ટ (વાદી ગેરહાજર)**

પ્રતિવાદી :– **શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.કે.આર.સોલ્વન્ટ, મું.ઉંટડી, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર ની એકસેસ રીકવરી ઓફ ડિમાન્ડ ચાર્જ બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૫/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૨૧–૨૨/૨૩૩૨ તા.૦૬/૦૮/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૬/૦૯/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે.કે.આર.સોલ્વન્ટ વતી કોઈ હાજર રહેલ નહી તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો એચ.ટી.ગ્રાહક નં–૧૮૬૦૯ નામ મે.કે.આર.સોલ્વન્ટ કોન્ટ્રાકટ ડિમાન્ડ ૧૦૦૦ કેવીએ નું કનેકશન ઘણા સમયથી સીઝનલ ગ્રાહક તરીકે ધરાવીએ છીએ.

૧.૨ લીબડી વિભાગીય કચેરી દ્વારા માહે ફેબ્રુ–૨૦૧૯ સુધી ઓન સીઝનમાં અમારા એકચ્યુઅલ ડિમાન્ડ મુજબ બિલીંગ કરવામાં આવેલ છે. પરંતુ, ત્યારબાદ, એટલે કે માસ માર્ચ–૨૦૧૯ થી અમારા સીઝનલ એચ.ટી.નું બિલીંગ એકચ્યુઅલ ડિમાન્ડ ની જગ્યાએ ૮૫% કોન્ટ્રાકટ ડિમાન્ડ મુજબ કરેલ છે.

૧.૩ ખરેખર, જીઈઆરસી કલોઝ નં–૧૩.૪ મુજબ નોર્મલ ગ્રાહક નું બિલીંગ ૮૫% કોન્ટ્રાકટ ડિમાન્ડ થાય છે એટલે સીઝનલ ગ્રાહક નું બિલીંગ ૮૫% કોન્ટ્રાકટ ડિમાન્ડ પ્રમાણે ન થવું જોઈએ.

Grievance Redressal P.G.V.C.L.

૧.૪ અમે તૈયાર કરેલ એનેક્ષર–૧ મુજબ એપ્રિલ–૨૦૧૮ થી ફેબ્રુ–૨૦૧૯ સુધી પીજીવીસીએલ દ્વારા ડિમાન્ડ ચાર્જ વસુલવામાં આવેલ છે. જે નીચે દર્શાવ્યા મુજબ છે.

**Annexure - I**

| Sr. No. | Billing Month | Actual Demand Utilized During Month | 85% of Contract Demand | Billing Demand | Amount Billed for demand in Rs. |
|---|---|---|---|---|---|
| 1 | Jan-18 | 945 | 850 | 945 | 190700 |
| 2 | Feb-18 | 1146 | 850 | 1146 | 286030 |
| 3 | Mar-18 | 1056 | 850 | 1056 | 236080 |
| 4 | Apr-18 | 1128 | 850 | 1128 | 276040 |
| 5 | May-18 | 867 | 850 | 867 | 170420 |
| 6 | June-18 | 845 | 850 | 845 | 164700 |
| 7 | July-18 | 791 | 850 | 0 | 0 |
| 8 | Aug-18 | 825 | 850 | 0 | 0 |
| 9 | Sept-18 | 35 | 850 | 0 | 0 |
| 10 | Oct-18 | 107 | 850 | 0 | 0 |
| 11 | Nov-18 | 911 | 850 | 911 | 181860 |
| 12 | Dec-18 | 896 | 850 | 896 | 177960 |
| 13 | Jan-19 | 893 | 850 | 893 | 177180 |
| 14 | Feb-19 | 768 | 850 | 768 | 144680 |

Note : From July-2018 to October-2018 were off session months.

વધુમાં, અમે તૈયાર કરેલ એનેક્ષર–૨ મુજબ માર્ચ–૨૦૧૯ થી મે–૨૦૨૧ સુધી અમારા સીઝનલ એચ.ટી.કનેકશન નું બિલીગ એકચ્યુઅલ ડિમાન્ડ મુજબ ગણી રીફંડ આપવાપાત્ર રકમ (રીફંડ ડિમાન્ડ ચાર્જ = ખરેખર ડિમાન્ડ - બિલીગ ડિમાન્ડ ) રૂા.૧૦,૫૮,૫૦૦/– અને ઈ.ડી.રૂા.૧,૫૮,૭૭૫/– થાય છે. જે નીચે દર્શાવ્યા મુજબ છે.

**Annexure - II**

| Sr. No. | Billing Month | Actual Demand Utilized | Billing Demand Recovered | Excess Recovery for Demand | Amount to be Refunded in Rs. |
|---|---|---|---|---|---|
| 1 | Mar-19 | 872 | 872 | 0 | 0 |
| 2 | Apr-19 | 740 | 850 | 110 | 28600 |
| 3 | May-19 | 881 | 881 | 0 | 0 |

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

| | | | | | |
|---|---|---|---|---|---|
| 4 | June-19 | 35 | 0 | 0 | 0 |
| 5 | July-19 | 44 | 0 | 0 | 0 |
| 6 | Aug-19 | 38 | 0 | 0 | 0 |
| 7 | Sept-19 | 38 | 0 | 0 | 0 |
| 8 | Oct-19 | 351 | 850 | 499 | 113350 |
| 9 | Nov-19 | 520 | 850 | 330 | 85800 |
| 10 | Dec-19 | 727 | 850 | 123 | 31980 |
| 11 | Jan-20 | 733 | 850 | 117 | 30420 |
| 12 | Feb-20 | 635 | 850 | 215 | 55900 |
| 13 | Mar-20 | 657 | 850 | 193 | 50180 |
| 14 | Apr-20 | 627 | 850 | 223 | 57980 |
| 15 | May-20 | 757 | 850 | 93 | 24180 |
| 16 | June-20 | 850 | 681 | 169 | 43940 (Avg. Demand) |
| 17 | July-20 | 822 | 850 | 28 | 7280 |
| 18 | Aug-20 | 657 | 850 | 193 | 50180 |
| 19 | Sept-20 | 202 | 0 | 0 | 0 |
| 20 | Oct-20 | 107 | 0 | 0 | 0 |
| 21 | Nov-20 | 773 | 850 | 77 | 20020 |
| 22 | Dec-20 | 747 | 850 | 103 | 26780 |
| 23 | Jan-21 | 686 | 850 | 164 | 42640 |
| 24 | Feb-21 | 476 | 850 | 374 | 94600 |
| 25 | Mar-21 | 715 | 850 | 135 | 35100 |
| 26 | Apr-21 | 701 | 850 | 149 | 38740 |
| 27 | May-21 | 21 | 850 | 829 | 162850 |
| 28 | June-21 | 627 | 850 | 223 | 57980 |
| | **Total Demand Charge to be refunded Rs.** | | | | **1058500.00** |
| | **ED to be refunded Rs.** | | | | **158775.00** |
| | **Total Amount to be refunded Rs.** | | | | **1217275.00** |

૧.૫ આથી, આપ સાહેબ ને નમ્ર વિનંતી કે અમોને માસ માર્ચ–૨૦૧૯ થી મે–૨૦૨૧ સુધી અમારા સીઝનલ એચ.ટી. કનેકશન નું બિલીંગ એકચ્યુઅલ ડિમાન્ડ મુજબ ગણી વધારાનો ડિમાન્ડ ચાર્જ અને ઈ.ડી. ની રકમ ઈલેક્ટ્રીસીટી એક્ટ – ૨૦૦૩ કલોઝ નં–૬૨(૬) મુજબ બેંક ઈન્ટરેસ્ટ મુજબ પાછી આપશો.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર વાદીની રજૂઆત અન્વયે જણાવવાનું કે, સદર ગ્રાહક અત્રેની કચેરીમાં એચ.ટી.ગ્રાહક નં–૧૮૬૦૯ નામ મે.કે.આર.સોલ્વન્ટ કોન્ટ્રાકટ ડિમાન્ડ ૧૦૦૦ કેવીએ નું ઘણા સમયથી સીઝનલ કનેકશન ધરાવે છે.

૨.૨ સદર ગ્રાહક કે.આર.સોલ્વન્ટ એ મૂળ HTP-1 ટેરીફ હેઠળ નો ગ્રાહક છે. અને HTP-1 ટેરીફ હેઠળ તેને સીઝનલ ગ્રાહક તરીકે વધારા નો લાભ આપવામાં આવે છે. ટેરીફ ઓર્ડર ના કલોઝ નં–૧૩.૪ પ્રમાણે HTP-1 ગ્રાહક ને બિલીંગ ડિમાન્ડ નીચે દર્શાવેલ માંથી વધુ હોય તે પ્રમાણે ગણતરી કરવાની હોય છે.

૨.૩ અ– માસ દરમ્યાન નોંધાયેલ વાસ્તવીક મહતમ માંગ.

બ– કરારીત વિજભાર ના ૮૫%

ક– ૧૦૦ KVA

૨.૪ વાદીની રજૂઆત મુજબ પીજીવીસીએલ દ્વારા માસ ફેબ્રુ–૨૦૧૯ સુધી ઓન સીઝન માં અમારા એકચ્યુઅલ ડિમાન્ડ મુજબ બિલીંગ કરવામાં આવેલ છે અને ત્યારબાદ, એટલે કે માસ માર્ચ – ૨૦૧૯ થી અમારા સીઝનલ એચ.ટી નું બિલીંગ એકચ્યુઅલ ડિમાન્ડ ની જગ્યાએ ૮૫% કોન્ટ્રાકટ ડિમાન્ડ મુજબ કરેલ છે. આ અંગે આપ સાહેબ ને જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા જાન્યુ–૨૦૧૮ થી જુન–૨૦૨૧ અને ત્યારબાદ પણ જીઈઆરસી સીઝનલ ગ્રાહક કલોઝ નં–૧૩.૧૧.૪ મુજબ બિલીંગ થયેલ છે. જેનું એનેક્ષર–૧ આ સાથે જોડેલ છે.

૨.૫ વધુમાં આપ સાહેબ ને જણાવવાનું કે, એચ.ટી. સીઝનલ ગ્રાહક ના બિલીંગ ડિમાન્ડ ની ગણતરી જીઈઆરસી કલોઝ નં–૧૩.૧૧.૪ મુજબ નીચે દર્શાવેલ માંથી વધુ હોય તે પ્રમાણે ગણતરી કરવાની હોય છે.

(૧) કેલેન્ડર વર્ષ માં રજીસ્ટર માં સૌથી વધુ એકચ્યુઅલ વધુ ડિમાન્ડ

(૨) વર્ષ દરમિયાન કોન્ટ્રાકટ ડિમાન્ડ ના એરીથમેટીક સરેરાશ ના ૮૫%

(૩) ૧૦૦ કેવીએ.

પરંતુ, ગ્રાહક ને કોઈ ગેરસમજ થઈ હોવાના કારણે તેઓ એકચ્યુઅલ ડિમાન્ડ પ્રમાણે બિલીંગ ડિમાન્ડ ની ગણતરી કરેલ છે. જે ખરેખર સાચી નથી. ખરેખર જીઈઆરસી કલોઝ નં–૧૩.૧૧.૪ મુજબ ગણતરી કરવાની હોય છે.

૨.૬ આથી, ગ્રાહકે તૈયાર કરેલ એનેક્ષર–૨ મુજબ ની રીફંડ આપવાપાત્ર રકમ ( રીફંડ ડિમાન્ડ ચાર્જ = ખરેખર ડિમાન્ડ - બિલીંગ ડિમાન્ડ ) રૂા.૧૦,૫૮,૫૦૦/– અને ઈ.ડી.રૂા.૧,૫૮,૭૭૫/– પાછી આપવાની થતી નથી.

૨.૭ વિશેષમાં જણાવવાનું કે, માનનીય ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,પીજીવીસીએલ, ભાવનગર એ વાદીશ્રી પટેલ કોટન ઈન્ડસ્ટ્રીઝ ના કેસ નં–૨૨/૨૧–૨૨ માં તા.૧૮/૮/૨૦૨૧ ના રોજ જે ચુકાદો આપ્યો છે એ પ્રકારની મેટર હોઈ આ કેસ નો ચુકાદો પણ કેસ નંબર – ૨૨/૨૧–૨૨ મુજબ આપવાનો થાય છે.

જે આપ સાહેબશ્રી ની જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂં.

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

## ☞ FORUM'S FINDINGS.

On the basis of representations from Complainer and Respondent, documents produced before Forum and relevant Regulations, Forum's findings are under:

3.1 Complainer K R Solvant is HT consumer of 1000 KVA bearing Con. No. 18609, under HTP-I tariff located at Limbdi, Dist. Surendranagar. Complainer is consumer of Respondent PGVCL and is getting power supply from PGVCL.

3.2 There is no dispute that Complainer has opted seasonal tariff under provision of seasonal tariff as per provision made in tariff approved by GERC tariff order.

3.3 As per representation of Complainer, Respondent recovered demand charges on actual demand recorded during month up to Feb '19 and then after Respondent started to recover demand charges on 85% of contract demand from March '19 and onwards for 'ON' 'season period'. As per complainer's representation, 'demand charges' should be levied on actual demand recorded during month for 'ON' 'seasonal period'. From the Month of March-19 Respondent has recovered demand charges on 85 % of contract demand instead off actual demand recorded during month for 'ON' 'seasonal period'.

3.4 As per GERC Tariff provision for seasonal consumers under HTP I tariff for FY 2019-20:

**14.11.1**

*The expression, "Seasonal Consumer" shall mean a consumer who takes and uses power supply for ice factory, ice candy machines, ginning and pressing factory, oil mill, rice mill, salt industry, sugar factory, khand sari, cold storage plants (Including such plants in fishery industry) tapioca industries manufacturing starch, pumping load or irrigation, white coal manufacturers etc.*

**14.11.2**

*Any Consumer, who desires to be billed for the minimum charges on annual basis shall intimate to that effect in writing at least one month before commencement of billing period about the off-season during which energy consumption, if any, shall be mainly for overhauling of the plant and machinery. The off-season period at any time shall be a full calendar month/months. The total period of the off-season so declared and observed shall be not less than three calendar months in a calendar year.*

**14.11.3**

*The total minimum amount under the head "Demand and Energy Charges" payable by a seasonal consumer satisfying the eligibility criteria under sub-clause 14.11.1 above and complying with provisions stipulated under sub-clause 14.11.2 above shall be Rs.4550 per annum per KVA of the billing demand.*

**14.11.4**

*The billing demand shall be the highest of the following.*

*(a) The highest of the actual maximum demand registered during the calendar year.*

*(b) Eighty-five percent of the arithmetic average of contract demand during the year.*

*(c) One hundred KVA.*

**14.11.5**

*Units consumed during the off-season period shall be charged for at the flat rate of 4.30 paisa per unit.*

***14.11.6***

*Electricity bills paid during off-season period shall not be taken into account towards the amount payable against the annual minimum bill. The amount paid by the consumer towards the electricity bills for seasonal period only under the heads "Demand Charges" and "Energy Charges" shall be taken into account while determining the amount payable towards the annual minimum bill.*

Grievance Redress
P.G.V.C.L.

3.5 Before March '19, Respondent billed Complainer considering actual demand recorded during month for 'ON' 'season period' and demand charges were not levied for 'OFF' 'season period'. After March '19, Respondent billed Complainer on 85% of contract demand for 'ON' 'season period'

3.6 Complainer is HT consumer under HTP-I tariff. As per GERC tariff provision (FY 2019-20):

***14.4 BILLING DEMAND:***

*The billing demand shall be the highest of the following:*

*(a) Actual maximum demand established during the month*

*(b) Eighty-five percent of the contract demand*

*(c) One hundred kVA*

After March '19, Respondent started complainer's billing during 'ON' 'seasonal period' considering 'billing demand' as per 14.4 of tariff provision and accordingly Respondent has set logic in their HT billing system. Thus, after March '19, Respondent has considered Complainer's billing demand 85% of contract demand in accordance to tariff provision.

3.7 Tariff provision for year 2018-19 and 2020-21 for seasonal consumers under HTP I tariff, Billing demand and related matters are same.

3.8 Complainer has submitted Annexure I and Annexure II showing month wise data of billed demand in their monthly energy bill before March '19 and after March '19 respectively. As per data shown in Annexure II submitted by complainer, Respondent has considered 85% of CD as billing demand, as per tariff provision (14.4), in Respondent's monthly energy bill.

3.9 Complainer's representation that they should be billed considering actual demand recorded during month for 'ON' seasonal period is not in accordance to GERC tariff provision. Complainer has prayed for refund of excess recovery for demand. Respondent has billed as per tariff provision and hence Complainer's representation is not accepted.

3.91 In view of aforesaid observations, tariff provisions and representations submitted from both, Complainer's representation is not accepted.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૯૧ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કાં.લી.:ભાવનગર.

તારીખ :– ૧૬/૦૯/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.